R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 21 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH SEPTEMBER 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## એડ. રાયચંદભાઈ રતનશી નાગડા (R.R.)

### અરિહંતશરણ : તા. ૦૫.૦૯.૨૦૨૦

એક દાયકા સુધી આપશ્રીએ ''પ્રકાશ સમીક્ષા''નું તંત્રીપદ શોભાવ્યું અને આપના તંદુરસ્ત વિચારો, યથાર્થ શબ્દો તથા તટસ્થ મુલ્યાંકન દ્વારા જ્ઞાતિજનોના હૃદયમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આપશ્રી ''પ્રકાશ સમીક્ષા''ની મુલ્યનિષ્ઠતા, નિયમિતતા તથા વિવિધતા માટે સતત જાગૃત રહ્યા હતા.

**પ્રથમ પુણ્યતિથિએ આપને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.



**માતુશ્રી સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા**

સાંયરા - ઉજ્જૈન (મ.પ્ર.)

અરિહંતશરણ : તા. ૦૬-૦૯-૨૦૧૯



**શ્રી મણીકાંત રતનશી કુંવરજી લોડાયા**

સાંયરા - ડોંબીવલી

અરિહંતશરણ : તા. ૧૨-૦૯-૨૦૧૭

**બી**જું બધું દેખાવનું ફક્ત માઁ નો સંબંધ સા**ચો**
**જું**ની શિખામણો આપની ખાવા નથી દેતી
આ ચાલાક દુનિયામાં ગો**થું**
**પુ**રા ભાવથી પરિવારની આદરાંજલી આ**પુ**
**ન્યા**ય આપજો બધાને સરખું ભેદ કરતા ના માની કોઈને અ**ન્ય**
**સ્મરણ** રહેશે આપ બન્ને નો કદી ના થાશો વિ**સ્મરણ**

પૂજ્ય માતુશ્રી સંઘમાતા **દમયંતીબેન રતનશી લોડાયા** (ગામ : સાંયરા, હાલ : ઉજ્જૈન (મ.પ્ર.)ની **દ્વિતીય પુણ્યતીથી** અને **શ્રી મણીકાંત રતનશી લોડાયા** (ગામ : સાંયરા, હાલ : ડોંબીવલી)ની **ચોથી પુણ્યતીથી** નિમિત્તે સમસ્ત લોડાયા પરિવાર વિનમ્ર શ્રધ્ધાંજલી અર્પે છે...

**લી.**

**ભારતી મણીકાંત રતનશી લોડાયા**
**અ.સૌ. જ્યોત્સના દિપક રતનશી લોડાયા**
**તરૂણ રતનશી લોડાયા**

અ.સૌ. સુપ્રિયા આકાશ દિપક રતનશી લોડાયા
અ.સૌ. તારા લલીત મોતા (સુથરી-નાશીક)
અ.સૌ. વીના સમીત ખોના (જખૌ-વડોદરા)
અ.સૌ. ભૂમિકા ગુંજન શિયાળ (જખૌ-અમેરીકા)
અ.સૌ. શોભા લલીત નાગડા (નલીયા-ડોંબીવલી)
અ.સૌ. મનીષા કમલેશ મોતા (સુથરી-ઔરંગાબાદ)
અ.સૌ. ચાર્મી પરાગ નાગડા (નલીયા-વાશી)
ચિ. ક્રિષા સમિત ખોના, ચિ. ખુશી ગુંજન શિયાળ

ચિ. હેતવી આકાશ દિપક લોડાયા

UPASANA - 9820167767

# પૂજ્ય માતુશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા

ગામ : મોટી ખાવડી (મુલુંડ)ના પાવન ચરણે અર્પણ

## ...અમારી સ્મરણવંદના...

પરમ વિરામ તા. ૧૮.૦૯.૨૦૧૮







કલબલ કરતાં અમે પંખીડાં વડલે રમતાં,
એ શિતળ છાયામાં, અમે રમતાં બાળ તમારાં,
એ વડલો તમે જ હતાં, અમારાં જયવંતી મા પ્યારાં...
અમારું રુદન, અમારું હાસ્ય, ને તોફાન તમારી ગોદમાં,
તમારાં હાથો ફરતાં, અમ શીશ પર, ઈશ્વર રૂપ ધરીને,
ઘરની હર ઈંટ, ભીંતો, દરવાજાને બારીઓ,
અહેસાસ આપનો કરાવે છે, જાણે આપ અમ વચ્ચે છો,
હર વાર-તહેવારોએ, પ્રસંગોએ યાદ આપની આવે છે,
એ બધુંયે યાદ આવતાં આંખે અશ્રુઓ ટપકે છે,
ગગનમાં ભલે ચમકે તારા.. બધાંયે પડે છે ઝાંખા,
'મા' તમારી એક ઝલક, એ જ ચમકતો સિતારો,
છોરૂ બધાં તમારાં, હૃદયથી કરે છે સ્મરણ વંદના,
યાદોનાં દિપ સંગાથે, સ્મરણોની સુવાસ સંગે...

**: આપનાં છોરૂ :**

પુત્ર-પુત્રવધુ : ગીરીશ-સંધ્યા, મહેશ-નૂતન, બંકિમ-રીટા, મુકેશ-ગીતા
પૌત્ર-પૌત્રવધુ : પ્રિતેશ-શીખા, ઉર્વેશ-પાયલ, કુણાલ-હિનલ
પૌત્રી-જમાઈ : ભક્તિ-તુષાર, પૌત્રી : કિંજલ, દૃષ્ટિ
પ્રપૌત્ર : નિશ પ્રિતેશ, પ્રપૌત્રી : ત્વિશા પ્રિતેશ

**દિ. માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર, મોટી ખાવડી**
**દિ. માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર, નાની ખાવડી**

# અમારા પરિવારના સુખકર્તા - દુઃખહર્તા માતા-પુત્રનો એક જ સ્મૃતિ દિન

૩૫મી પુણ્યતિથિ



**માતુશ્રી લક્ષ્મીબાઈ રતનશી નાગડા**

નલિયા-મુંબઈ

જન્મ : ૦૬-૦૪-૧૯૧૯

અરિહંતશરણ : ૦૫.૦૯.૧૯૮૬



પ્રથમ પુણ્યતિથિ



**શ્રી રાયચંદ રતનશી નાગડા**

નલિયા-મુંબઈ

જન્મ : ૧૨-૦૧-૧૯૪૨

અરિહંતશરણ : ૦૫.૦૯.૨૦૨૦

**યાદોમાં સદા રહેશો જીંદગીભર મધુર - અનમોલ બનીને...**
**આપના સ્મૃતિ દિને ભાવપૂર્ણ વંદન**

**શ્રીમદ્ રાજચંદ્રના શાશ્વત સૂત્ર જેનું શ્રી રાયચંદ નાગડા (RR) એ જીવનભર અનુસરણ કર્યું.**

જે કાંઈ થાય તે થવા દેવું, ન ઉદાસીન કે ન અનુદ્યમી થવું.
ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી, કે ન મૂંઝાવું,
શું થશે ? એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા કરવું,
મુશ્કેલીમાં અધિક ઝાવાં નાખવાં પ્રયત્ન કરવો નહીં,
અલ્પ પણ ભય રાખવો નહીં, 'સભાન' - જાગૃત રહેવું,
ઉપાધિ વખતે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો,
કેમ થશે ? એવો વિચાર મૂકી દેવો..
યોગ્ય ઉપાયથી પ્રવર્તવું, પણ ઉદ્વેગવાળું ચિત્ત ન રાખવું
જયાં ઉપાય નહીં, ત્યાં ખેદ કરવો યોગ્ય જ નથી... - શ્રીમદ્ રાજચંદ્ર

માતુશ્રી સ્વ. લક્ષ્મીબાઈ રતનશી ખેતશી નાગડા પરિવાર - નલિયા (મુંબઈ)
માતુશ્રી સ્વ. લીલબાઈ મુલજી ઠાકરશી લોડાયા (પીર) પરિવાર - સુથરી (નાનાણા)
માતુશ્રી સ્વ. જમકુબાઈ ઉમરશી ખેતશી નાગડા પરિવાર - નલિયા (મુંબઈ)
માતુશ્રી સ્વ. દેવકાબાઈ ચાંપશી જેઠાભાઈ લોડાયા પરિવાર - જખૌ (અમલનેર)
શ્રીમતી જયાબેન ધનજી કુંવરજી લોડાયા (અજાણી) પરિવાર - કોઠારા (બેંગ્લોર)

**શ્રીમતી લીલાબેન રાયચંદ રતનશી નાગડા પરિવારના**
**સમસ્ત જ્ઞાતિજનોને મિચ્છામી દુક્કડમ્**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ










જન્મ :
તા. ૧૧-૩-૧૯૪૭



અરિહંત શરણ :
તા. ૨૪-૮-૨૦૨૧

## શ્રી કાંતિલાલ કરમશી વિકમશી

**(ગામ : જખૌ, હાલ : વાલકેશ્વર, મુંબઈ)**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજનના એક અનન્ય અજોડ, Dynamic પ્રમુખ ઓચિંતું આપણાં વચ્ચેથી વિદાય લઈ ગયા. અને ક્યારેય ન પુરાય એવી ખોટ કરીને ચાલ્યા ગયા. સમગ્ર ટીમને ચેતનવંત કરીને સ્વયં જડ બની ગયા. એમની સાથે વિતાવેલ આ સાડા ચાર વર્ષમાં ઘણું ઘણું શીખવા મળ્યું. સાલસ, સરળ સ્વભાવ, તન, મન, ધન થી બધા સાથે અડગ ઉભા રહી, પીઠબળ પૂરું પાડ્યું. એમનું આ યોગદાન જખૌવાસીઓ ભૂલી નહીં શકે. એમના બતાવેલ રાહ પર ચાલવાની અમે સૌ પૂર્ણપણે કોશિશ કરીશું.

પ્રભુ એમની આત્માને પરમ શાંતિ આપે અને એમને મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

ઉપ પ્રમુખ : **શ્રી ચેતન સોમચંદ મુનવર** (બેલ્લારી)

માનદ્ મંત્રી

**શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી** (મુલુંડ) **શ્રી ચાંપસી ડુંગરશી હેફા** (મુલુંડ)

ખજાનચી : **શ્રી અજય હિરાચંદ શિયાલ** (ડોંબીવલી)

**: કારોબારી સભ્ય :**

**શ્રી ચંદ્રેશ વિશનજી સોની** (કાંદીવલી) **શ્રી જીગર કિશોર શિયાલ** (ડોંબીવલી) **શ્રી તરૂણ હંસરાજ નાગડા** (મુલુંડ)
**શ્રી દિનેશ લાલજી મુનવર** (હાલોલ) **શ્રી પ્રદીપ કેશવજી શિયાલ** (જાલના) **શ્રી તેજસ મહેન્દ્ર ખોના** (ભાંડુપ)
**શ્રી હંસકુમાર શામજી શિયાલ** (મુલુંડ) **કુ. સરોજ લાલજી મુનવર** (ઘાટકોપર) **શ્રી વિપુલ પ્રદીપ લોડાયા** (નાસીક)
**શ્રી યોગેશ હંસરાજ મુનવર** (વિરાર)

### શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

મેનેજીંગ ટ્રસ્ટી : **શ્રી હરીશ દામજી ધરમશી** (નવી મુંબઈ)

ચેરમેન
**શ્રી રાયચંદ દેવશી જીવાણી** (ડોંબીવલી)

કાયમી ટ્રસ્ટી
**શ્રીમતી કલ્પનાબેન રમણકાંત લોડાયા** (જામનગર)

ટ્રસ્ટી

**શ્રી ટોમેશ કાંતીલાલ નાગડા** (ઘાટકોપર) **શ્રી રીતેશ કીશોર ખોના** (મુલુંડ)
**કુ. સરોજ લાલજી મુનવર** (ઘાટકોપર) **શ્રી ભાવિક શશીકાંત નાગડા** (રાયપુર)

તંત્રી સ્થાનેથી

# મિચ્છામી દુક્કડમ્



– ડૉ. હીરાચંદ દંડ

આ અંક આપના હાથમાં હશે ત્યારે પર્યુષણ પર્વની ઉજવણી થઈ રહી હશે. કોરોના કાળની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ભીડમાં સહભાગી ન બનતા સ્વગ્રહે તપ – આરાધના કરવી અને જીનશાસનના સિદ્ધાંતોને જીવનમાં અમલમાં મૂકી અને પર્યુષણની ઉજવણીને યથાર્થ બનાવીએ. આપ સૌ સંયમિત રીતે તપ આરાધનામાં પ્રવૃત્ત હશો એવી આશા સાથે સર્વે તપસ્વીઓની સુખ શાતા ઈચ્છું છું.

વર્તમાનમાં મોટાભાગના વાલીઓ પોતાના બાળકોને શ્રેષ્ઠ વસ્તુઓ આપવા ઈચ્છે છે અને તે માટે તેઓ સખત પરિશ્રમ કરે છે તેમજ પોતાના કેટલાક ખર્ચ ઉપર કાપ પણ મૂકે છે. આ બાબત ભવિષ્યની સામાજિક વ્યવસ્થા માટે સારી ગણી શકાય.

આજે શિક્ષણ ખૂબ જ ખર્ચાળ બની ગયું છે અને વાલીઓ પોતાના સંતાનોને શક્યત્ શ્રેષ્ઠ શાળામાં મૂકવા ઈચ્છે છે. પણ એમાંથી કેટલા વાલીઓ શાળાની યોગ્યતા અંગે પૂરતી ચકાસણી કરે છે ? બધા કરે છે એમ 'રેટ રેસ' માં જોડાઈને વધુ ફી લેતી મોંઘી શાળામાં બાળકનું એડમિશન લઈ લે છે. Government aided શાળાઓ તથા માતૃભાષાની શાળાઓને અવગણે છે. અહિં વાલીઓએ પોતાની આવક તથા અન્ય જવાબદારીઓને ધ્યાનમાં લઈ પરવડી શકે એવી શાળાની પસંદગી કરવી જોઈએ. દેખાદેખીમાં મોંઘી શાળાઓમાં એડમિશન મેળવી લીધા પછી એને અનેક વર્ષો સુધી ચલાવવું ખૂબ જ મુશ્કેલ પડી શકે છે. જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓ મદદ કરવા માટે જ છે પણ જે શાળાઓની મોંઘી ફી માટે પૂરતી નથી. કચ્છની અનેક શાળાઓમાં જુનીયર કે. જી. માટેની ફી વાર્ષિક રૂા. ૪૦૦૦૦/– જેટલી છે અને અન્ય મોટા શહેરોમાં ૭૦૦૦૦/– થી ૮૦૦૦૦/– જેટલી છે. જો પરિવારની આવક ઓછી હોય તો આવી શાળાઓમાં પ્રવેશ લેવાનું ટાળવું જોઈએ.

હું એવા અમુક પરિવારોથી પરિચિત છું કે જેમની વાર્ષિક આવક રૂા બે લાખ થી પણ ઓછી છે છતાં તેઓ સંતાન દીઠ ૩૦૦૦૦/– થી ૪૦૦૦૦/– જેટલી શાળાની વાર્ષિક ફી ભરે છે. જો બાળક હોંશિયાર હશે તો આવી મોંઘી શાળાને બદલે તે Government aided શાળા કે માતૃભાષાની શાળામાં ભણતો હશે અને તેને યોગ્ય માર્ગદર્શન વાલીઓ આપશે તો પણ તે અભ્યાસમાં સારો દેખાવ કરી શકશે.

વાલીઓએ ઉપલબ્ધ શાળાઓ વિશે અભ્યાસ કરવો જોઈએ. ઉપરાંત આ વિષયે તજજ્ઞ મિત્રોની સલાહ પણ લેવી જોઈએ. જે તે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પર્ફોમન્સ વિશે પણ જાણવું જોઈએ. ફક્ત ઉંચી ફી લેવાથી જ શાળાઓનું સ્ટાન્ડર્ડ ઉંચુ નથી થઈ જતું. એ ધ્યાનમાં લેવું જોઈએ. દરેક યુવાન માતા–પિતાને મારી વિનમ્ર વિનંતી છે કે આ બાબતને ગંભીરતાથી ધ્યાનમાં લઈને પોતાના સંતાન માટે ઓછી તાણ લેવી જોઈએ અને સંતાનોના ઉચ્ચ અભ્યાસ માટે યોગ્ય રીતે વિચારવું જોઈએ.

આજે સૌના મનમાં એવી છાપ છે કે અંગ્રેજી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓ જ આગળ વધે છે, પણ એવુ નથી. માતૃભાષામાં ભણેલા અનેક વિદ્યાર્થીઓએ કારકિર્દીમાં ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી છે એ ધ્યાનમાં લેવું જોઈએ.

**સર્વે વાચકોને 'મિચ્છામિ દુક્કડમ્'**

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના   ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા   કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના   પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા   શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૨૧, તા. ૦૫-૦૯-૨૦૨૧**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૩૬



લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ...)

પ્ર.સા. નો આ અંક આપના હાથમાં આવશે ત્યારે રૂડા પર્વાધિરાજ પયુર્ષણ પર્વની આરાધના કરી, પાપોના ક્ષય કરી, મુક્તિ માર્ગ પર આગળ વધવાની તૈયારી કરી ચુક્યા હશો. વર્ષોના અનુભવથી મને સમજાયું છે કે આપણામાંથી ઘણા કરવા પુરતું પ્રતિક્રમણ કરતાં હોય છે અને સંતોષ પામે છે. આ ક્રિયાઓમાં જ્યાં સુધી બોલાતા સુત્રો શું કહેવા માંગે છે, એમાં આવતી ક્રિયાઓ શું કામ કરવામાં આવે છે...

દા.ત. છેડા પડિલેહણની ક્રિયા, પચ્ચખાણ વાંદણાંની ક્રિયા ઈત્યાદિની સમજણ પ્રાપ્ત કર્યા વગર જો કરવા પુરતું પ્રતિક્રમણ કરશો તો કશું પ્રાપ્ત થશે નહીં.

આ પર્વ દરમ્યાન આપ જ્યાં પ્રતિક્રમણ કરશો તે ઉપાશ્રયમાં સાધુ-સાધ્વી ભગવંતો બિરાજમાન હશે... થોડોક સમય કાઢી એમની પાસેથી વહેતી જ્ઞાનગંગામાં આચમની લેશો તો ધન્યતા અનુભવશો.

गामे वा णयरे वा, रण्णे वा पेच्छिऊण परमत्थं ।
जो मुंचदि गहणभावं, तिदियवदं होदि तस्सेव ।।

અર્થાત્ : ગામમાં, નગરમાં કે વનમાં અન્યની વસ્તુને લેવાની વૃત્તિ ન રાખવી એ ત્રીજું અચૌર્યવ્રત છે.

ઉપરની ગાથા આપણને **ત્રીજા વ્રત સ્થુલઅદત્તાદાન-વિરમણ વ્રત** તરફ અંગુલી નિર્દેશ કરે છે.

અદત્તા નો અર્થ ચોરી. આ વ્રતમાં જુદા-જુદા પ્રકારે માનવી ચોરી કરે છે તે સુક્ષ્મમાં સુક્ષ્મ ચોરી નહીં કરવાનો અને કરી હોય તો અંત:કરણપૂર્વક ક્ષમા માંગી લેવાનો આગ્રહ કરવામાં આવે છે. નાનપણમાં મોહનદાસ એટલે કે ગાંધીબાપુએ પણ ચોરી કરેલી, તેમને એનો ઘોર પશ્ચાત્તાપ થયેલો અને નિયમ લીધું કે પેન્સિલનો નાનામાં નાનો ટુકડો પછી ભલે ને તે રસ્તા પર પડ્યો હોય, તેમાં આસક્તિ જગાવીશ નહીં અને ચોરી તો નહીં જ કરું, અને તેથી જ સફળ જીવન જીવી ગયા.

શું આપણે પ્રણ લઈ શકીએ કે સ્થુલ અદત્તા દાન વિરમણ વ્રત હેઠળ આપણે કોઈ પણ પ્રકારની ચોરી નહીં કરીએ... આપણા જ બેકાબુ મનને પુછીને સાવચેત રહેવાનું છે.

**ચોથું શીલ વ્રત** : આજે છડેચોકે આ વ્રતનો ભંગ થતો આપણી નજર સમક્ષ આવે છે. પુસ્તક સમણસુત્તંમાં આપેલી નીચે પ્રમાણેની ગાથા ટાંકવાનું મન થાય....

मादुसुदाभगिणी विय, दट्ठूणित्थित्तियं य पडिरूवं ।
इत्थिकहादिणियत्ती, तिलोयपुज्जं हवे बंभं ।।

અર્થાત્ : વૃદ્ધસ્ત્રી, યુવતી કે કન્યાને જોઈને અથવા એમની છબીને જોઈને માતા, બહેન કે પુત્રી સમાન ભાવ રાખવો. સ્ત્રીવિષયક કામુક વાતોથી પણ દૂર રહેવું; એવું બ્રહ્મચર્યવ્રત વિશ્વમાં પૂજનીય છે.

કોઈપણ દિવસ સમાચાર પત્રનું કોઈપણ પાનું ખોલો તો સ્ત્રી ઉપર ગુજારવામાં આવતા બળાત્કારનાં કિસ્સા વાંચવા મળશે. લગભગ દરેક શહેરોમાં ''બજાર'' મળશે.

કેટલાક કિસ્સામાં તો સગીર વયની બાલિકાઓને ફોસલાવીને તેમનાં સગા-વ્હાલાં કે અડોશ-પડોશમાં જ રહેતી વ્યક્તિઓ આ નાલેશી ભરેલું કાર્ય કરતા હોય છે અને કાયદાની આંટીઘુંટીમાંથી બિનદાસ છુટી જતા હોય છે.

વિજ્ઞાને પ્રગતિ સાધી છે પણ તેમાંની કેટલીક બાબતો અધોગતિ તરફ લઈ જાય છે. ફિલ્મ, ટી.વી. અને મોબાઈલ ઉપર કામોત્સુક દ્રશ્યો દેખાય છે. કેટલાક ઠેકાણે **''કપલ્સ''** **''ફ્રી ઈન રીલેશનશીપ''** માં રહેવાનું વધુ પસંદ કરે છે. જવાબદારી વગરનું જીવન.

આમ તો જિંદગી ચાર સ્તંભ પર ઉભી છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પણ કામની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. શાસ્ત્રો તો કહે છે કે ''સ્વપનાંતરે પણ શીલભંગ હુઓ હોય'' પણ આજે સારા સ્વપના પણ ક્યાં આવે છે. દરેક ધર્મમાં શિયળ ઉપર ઘણો ભાર મુકવામાં આવ્યો છે, કારણ કે સમાજ વ્યવસ્થા તેના કારણે જ ટકી છે. આ પ્રશ્નનાં ઘણા બધા પાસા છે અને તે બધાનું વિવરણ વિવેચન અહીં શક્ય નથી. આશા રાખું કે આપણે સમાજમાં ઉચ્ચિત સમજદારી ભર્યું વાતાવરણ ઉભું કરી શકીએ અને દ્રઢ સંકલ્પ કરી આવા અતિચાર ન થાય તે માટે પરમાત્મા પાસે હિમ્મત માંગીએ.

**પાંચમું પરિગ્રહ પરિમાણવૃત** :- પરિગ્રહ એટલે માલમતા ધન-દોલત વગેરેમાં જરૂરત કરતાં વધારે સંગ્રહ અને પરિમાણ એટલે માપ જેને લઈ વસ્તુને માપી શકાય . આ વ્રત અંતર્ગત જરૂરત કરતાં વધુ વસ્તું જેમકે ઘર, બંગલા, સોનું, ચાંદી, ખાવા-પીવાની વસ્તુ, દાસ-દાસી, નોકર-ચાકર વધારે રાખ્યા હોય તો તેનો નિષેધ કરવાનું સુચવવામાં આવ્યું છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

પણ દરેકની જરૂરતનું પ્રમાણ જુદું જુદું હોય છે. માણસોની અપેક્ષાઓ જ એટલી બધી હોય છે કે ઓછામાં ઓછી જરૂરત નક્કી કરવામાં ગોથા ખવાઈ જવાય છે.

આજના ભોગવાદી જમાનામાં સમાજમાં ઘણી બધી વ્યક્તિઓ પાસે એકથી વધારે મોબાઈલ, ઘડિયાલ, જુદા-જુદા પ્રસંગોએ પહેરવાના સુટ અને બુટ હોય છે.

નાનપણમાં એક કીડીબાઈની વાર્તા સાંભળેલી. કીડીબાઈ પોતાના દરમાં ધીમે ધીમે દાણાનો જરૂરત કરતાં વધારે સંગ્રહ કરે છે અને પછી વરસાદનાં દિવસોમાં એને એ સંગ્રહ કામ આવે છે. અને તેથી તમારે જ નક્કી કરવાનું છે કે જરૂરિયાત કેટલી અને એ જરૂરિયાત પોષવા વસ્તુનો સંગ્રહ કેટલો કરવો? બાકી જરૂરત કરતાં વધારે સંગ્રહ થઈ ગયો હોય તો આ પાવન દિવસોમાં પ્રતિક્રમણ કરતાં અતિચાર આલોવતાં મિચ્છામી દુક્કડમ્ માંગી શકાય છે.

અહીં સમણસુત્તં માંથી એક ગાથા અને તેનો ભાવાર્થ ટાંકી આગળ વધીએ જે આ વ્રતને વિશેષ રીતે સમજાવે છે. કહ્યું છે ને કે સંતોષી નર સદા સુખી...

संथारसेज्जासणभत्तपाणे, अप्पिच्छया अइलाभे वि संते।
एवमप्पाणभितोसएज्जा, संतोसपाहन्नरए स पुज्जो ।।

અર્થાત્ :- પથારી, પલંગ, ખાન-પાન વગેરે વધુ મળતું હોય તો પણ થોડાની જ ઈચ્છા કરવી; આત્માને સદા પ્રસન્ન રાખવો. સંતોષરૂપી ભાથું જેમની પાસે છે તે શ્રમણ ખરેખર પૂજ્ય છે.

**છઠ્ઠા દિસિવ્રત** વિશે વધુ ચર્ચા નિવારી છે કારણ કે આજની ''ફાસ્ટ લાઈફ''માં એ શક્ય નથી. દશ દિશામાં જવા આવવાનો પ્રમાણ નક્કી કરી પાલન કરવા એ ધર્મપુસ્તક પુરતું મર્યાદિત છે.

**સાતમું ભોગોપભોગ વ્રત :-** આ વ્રતમાં એકવાર વપરાતી અને વારંવાર વપરાતી સજીવ અને નિર્જીવ વસ્તુ આદિના વપરાશનાં નિયમો આપ્યા છે. આમાં નિષેધ કરેલી વસ્તુઓનો વપરાશ સદંતર બંદ કરવામાં આવે તો વ્યક્તિનું સ્વાસ્થય જળવાઈ રહે. આ વ્રત તેથી બની શકે તેટલું અપનાવા લાયક છે.

વર્ષો પરંપરાથી ખાનપાન ઈત્યાદિમાં જે ખાદ્ય પદાર્થો આરોગ્યને હાનીપ્રદ હોય છે તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

આજકાલ શરીર સ્વાસ્થય સુધારવા ઠેર-ઠેર કુદરતી ઉપચાર કેન્દ્રો કાર્યરત છે. એકલા કચ્છ જિલ્લામાં જ છ કેન્દ્રો આવેલાં છે અને દરેક કેન્દ્રમાં આજે વેઈટીંગ લિસ્ટ ચાલે છે.

યૌવન કાળનાં ચાલીશ વર્ષ સુધી રીતભાત વગરનું ફાસ્ટ અને જંકફુડ ખાઈ, સ્વાસ્થય બગાડી, જ્યારે આવા કુદરતી ઉપચાર કેન્દ્રમાં આવીયે છીએ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જૈન ધર્મનાં નૌકારશી અને ચૌવિહારનું પાલન કરવામાં આવે તો તે ઘણું ઉપયોગી થઈ પડે પણ... પણ...

અહિં કવિ તેજની એક પંક્તિ મોટા શહેરની વ્યક્તિઓની જમવાની રીતભાત ઉપર કરેલ ટકોરથી યાદ આવે છે. માણો તમે પણ...

''મુંભઈ (કોઈપણ શહેરનાં) જા માડુ ખેં માની , લુછ લુછ ઘરેં; ને ઓગાર ઠેસન તેં વારીયેં...'' તેજી ને તેજનો ટકોરો કાફી નથી...!

**પંદર કર્માદાન :** મનુષ્યે જન્મ લીધો છે તો કર્મ તો કરવા જ પડશે, પણ આ કર્મો કરતાં જેમાં હિંસા આચરાતી હોય તેવાં કર્મોથી દુર રહેવું જોઈએ...

**આઠમું અનર્થદંડ વિરમણ વ્રત :** આ વ્રત કોઈપણ હેતુ, મતલબ વગરના પ્રયોજનથી આત્મા દંડાય, કર્મ બાંધી સંસારમાં રખડે તેથી તેવા પ્રયોજનથી દૂર રહેવા ચેતવવામાં આવ્યું છે. આ વ્રતમાં આપણે ક્યારે, ક્યાં શું બોલવું જોઈએ અને શું ટાળવું જોઈએ જેથી કર્મ ન બંધાય અને આપણું વ્યક્તિત્ત્વ સુંદર, સૌમ્ય રહે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જીવનમાં કોઈપણ ક્રિયા કે વસ્તુમાં અતિસય આસક્તિ કીધી હોય તો તેની ક્ષમા માંગી એ આચરણ ફરીથી ન થાય તેનો દ્રઢ મનથી સંકલ્પ લેવો જરૂરી છે. સંસ્કૃતમાં નથી કયું ''અતિ સર્વત્ર વ્રજયેત''.

આ આઠને પ્રવચન માતા કહેવાય છે, કેમ કે જે માતા પુત્રને જન્મ આપે છે ને પછી તેનું પોષણ પણ કરે છે, તેમ આ આઠ આચારો શ્રાવકના જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોને જન્મ આપે છે ને તેમનું રક્ષણ પણ કરે છે.

આ લેખ તૈયાર કરવામાં મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ દ્વારા ''જૈનધર્મસાર'' પુસ્તકનું ''સમણસુત્ત'' પુસ્તક નામે અનુવાદ કર્યો છે તેની સહાયતા લીધેલ છે અને તે બદલ આભારી છું. મારા અતિ ઉંડા જૈન ધર્મના સુત્રોના અલ્પ જ્ઞાનના આધારે તથા ધર્મ ચર્ચાના આધારે અત્યાર સુધીના ઉપરના આલેખમાં જિન આજ્ઞા વિરુધ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્....

(વધુ આવતા અંકે...)

# સમસ્ત મહાજનનું મેડિકલ ક્ષેત્રે ક્રાંતિકારી પગલું




એક સમય એવો પણ હતો કે, જ્યારે આર્થિક રીતે નબળો દર્દી નાની-મોટી સારવાર અને સર્જરી માટે દરદર ભટકતો. દાતાના દરવાજે પહોંચવા જોડા ઘસતો. દાતાના મેણાં ટોણાં સાંભળવા પડતા. દાતાની વાહવાહ કરવી પડતી. દાતા પાસે જવા નાનપ અનુભવવી પડતી. કેટલાક દાતા તો હડધૂત પણ કરવામાં સંકોચ અનુભવતા નહીં. સંસ્થાના, સમાજ કે સંઘના અધિકારીઓ પણ સહાય મેળવવા આવનાર ને ધિક્કારતાં પણ શરમાતા નહીં, જાણે એવા લોકો પર મહેરબાની કરતા હોય તેમ વર્તે. મદદ માંગનારે નીચાજોણું કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાતી. હોસ્પિટલના બિલના પૈસા ભરવા મોટું દેવું કરવું પડે, મોટી રકમ મોટા વ્યાજે લેવી પડે તેવા સંજોગો ઊભા થાય. દર્દી અને તેના સંબંધી ચિંતા અને હતાશામાં ગરકાવ થઈ જાય તેમ બને. બિલના પૈસા ચૂકવવાની ચિંતા તેને અંદર ને અંદર કોરી ખાય, તેમ બને. માનસિક સ્ટ્રેસ વધી જાય. આ અનપેક્ષિત ખર્ચને પહોંચી વળવું તેને ભારે પડે છે.

કેટલાકને સુખદ અનુભવો થતા કોક દાતા દર્દી પ્રત્યે સંપુર્ણ સહાનુભૂતિ પ્રગટાવી, શુભેચ્છકના નામે રસીદ બનાવી આર્થિક સહકાર આપતા એવા કિસ્સા જૂજ હોય. દુનિયાભરની ચિંતા અને આંખોમાં ઢગલાબંધ ઉચાટ છલકાવતાં છલકાવતાં દર્દી માટે હમદર્દ બનવાને બદલે વધારે ચિંતા કરાવનારૂં સરદર્દ બની જતા હોય છે. બેંકનું બેલેન્સનું ટીપેટીપું વપરાઈ જાય. આકસ્મિક માંદગીના મોટા ખર્ચને પહોંચી વળવા, અહીંતહીં ફાંફા મારવાને બદલે કે પોતાના દાગીના ગીરવે મૂકી મોટી લોન લે અને તેની ભરપાઈમાં જ આખું આયખું પૂરું કરી દે છે. હવે સમયે કરવટ બદલી છે.

આજે ઓનલાઈનના જમાનામાં સમસ્ત મહાજનના પ્રમુખશ્રી નિશિથભાઈ દંડના કાંતિકારી પગલાંથી દર્દીના જીવનમાં સહાય મેળવવાનું કામ અત્યંત, સંપૂર્ણપણે સુલભ સરળ, પારદર્શી અને ઝડપી બન્યું છે.

તેની આર્થિક પરિસ્થિતિની ચકાસણી બાદ યોગ્ય વ્યક્તિને અગ્રીમતા આપે છે. સામાન્યજનનું જીવન બહેતર બનાવવાનો ઉદ્દેશ્ય સાકાર કરે છે .

હવે સમસ્ત મહાજનના અધિકારીને સારવાર, સર્જરી, હોસ્પિટલાઇઝેશનના કોસ્ટ સર્ટિફિકેટ, એસ્ટીમેટ, દવા દારૂના ખર્ચના અંદાજિત વિગતના કાગળ સ્કેન કરી મોકલી અપાય એટલે ભયો ભયો. દર્દીને લગતા અન્ય ડોક્યુમેન્ટ વિગેરે ઓનલાઈન ઉપર સહાય માટેના વિનંતીપત્ર વગેરે મોકલી અપાય, એટલે પત્યું. અધિકારી એ બધાય વિગતોનો અભ્યાસ કરી નિર્ણય લે કે દર્દીને સહાયક બનવાની જરૂર છે, કે નહીં.

જ્યાં સ્માર્ટ ફોનની સુવિધા ના હોય એવા કેસમાં સ્વાસ્થ્ય મિત્રો એમની પડખે ઉભા રહી, તેમનું કામ સરળ બનાવી આપે.

સમસ્ત મહાજનની એ અપીલ મોબાઈલની એપ ઉપર આવતાંની સાથે જ ટૂંકા સમયમાં મદદ આવવાના મેસેજ શરૂ થઈ જાય છે. દર્દીના સગા સંબંધીઓ, તેના હિતેચ્છુઓ, શુભચિંતકો, ગામના શ્રેષ્ઠીઓ અને અન્ય દાતા પરિવારનો આર્થિક સહાય સહકાર મળતો થઈ જાય છે.

દર્દીને જોઈતી રકમનો પુરવઠો પૂરો થાય કે એ એપને બંધ કરી દેવામાં આવે છે , જેથી દર્દીને જરૂર કરતાં વધારે રકમ મેળવવાની લાયમાં, સમસ્ત સમાજ અને અધિકારીઓ પડતા નથી.

આજ સુધી સંજીવનીના ૫૦ જેટલા કેસ માટે રૂપિયા એક કરોડ જેટલું અનુદાન સહાયરૂપે મેળવી આપવા સફળ થયું છે, તે કંઈ નાનીસૂની વાત નથી જ. મેડિકલ કમિટીના ખાસ પ્રમુખશ્રી સહિત, મનીષા પોલડીયા, ડોક્ટર ધારિણી નાગડા અને, એમની ટીમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા. સમસ્ત મહાજને સામાન્ય જનને સહાયરૂપ બનવાનો સંકલ્પ સિદ્ધ કર્યો છે.

મહામારીના આ કપરા સમયમાં દરદી નારાયણને આપણે હુંફ આપીએ અને તેના મનોબળને મજબૂત બનાવીએ અને સહાયભૂત થવાના કામમાં આવીએ, તે માટે આપણું અનુદાન આપી તેમને આ નેક કામમાં સહાયભૂત બનીએ.

દેશના ખૂણે ખૂણેથી અને વિદેશના પણ દાતા પરિવારો આ સ્કીમ દ્વારા જરૂરતમંદને રાહત આપી શકે તે માટેનો રાહ દેખાડી આપવાનું કામ સમસ્ત મહાજને કર્યું છે .

સમાજની મેડિકલ ટીમના સહાયકોએ આજે એમની આર્શીવાદસમી રાહથી દર્દી નારાયણના જીવનમાં સહાયરૂપ ક્રાંતિ આણી, તેમને નવજીવન આપવામાં નક્કર અને નેક કામ કર્યું છે. એ સૌ સેવાભાવીઓ ને નતમસ્તક વંદન.

આર્થિક રીતે નબળા જ્ઞાતિજનને માંદગી વખતે મોટા ખર્ચને પહોંચી વળવાની ભારે ચિંતા અને પળોજણમાંથી મુક્તિ અપાવી જીને કી રાહ દેખાડી છે. હજી એક મોટી વાત. આપણે સૌ કોઈએ એક તરફી વ્યવહાર કે લાભ લેવાની દાનત ન રાખતાં, ભવિષ્યમાં દરદી અને તેના સંબંધીની આર્થિક


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

પરિસ્થિતિ સુધરે તો બીજા દરદીને સહાયક બનવા આપણે પણ આ પુણ્યકાર્યમાં ડૂબકી મારીએ. આ સહાયને કારણે જ માંદગીમાં પટકાયેલા અને તેના સંબંધી નિર્બળ થયેલા દેહની મર્યાદાઓને એ હસતે મુખે પાર કરે છે અને મક્કમ મન સાથે પરિસ્થિતિ સામે ઝઝૂમે છે.

હાલના કોરોના કાળમાં દરેક સામાન્યજનને આર્થિક પીઠબળ આપવા સેવાકાર્યમાં સદાય ધબકતાં રહેતાં શ્રી રાયચંદ હંસરાજ પરિવારના યોગદાને અત્યંત નેત્રદીપક કામગીરી તો કરી જ છે, જેથી દરદી તેમ જ સંબંધી પોતાનું કૌશલ્ય વાપરી ગુમાવેલા સામર્થ્ય, સ્થિરતા અને આત્મનિર્ભરતા મળી રહે. તેમણે સોનામાં સુગંધ મેળવી છે.

શેઠ નરશી નાથાની અસ્મિતાને દીપાવે તેવી નેત્રદીપક કામગીરી એમણે કરી છે. તેમને સતપ્રવૃત્તિને કારણે જ માંદગીમાં અટવાયેલો દર્દી નિરાશા ખંખેરી નવી આશા સાથે સારવારની દુનિયામાં નવા ડગલાં માંડે છે. જ્ઞાતિહિતના આ કામને આપણે સૌ કોઈ બિરદાવીએ એટલું જ ન કરતા, અવાર નવાર આવતી તેમની અપીલને આર્થિક ભંડોળથી છલકાવી દઈએ. આપણા જ્ઞાતિબંધુ માટે નાની મોટી રકમ ફાળવી દરદીને નવજીવન આપવાના આ સંસ્થાના પ્રયાસને દીપાવીએ.

સેક્રેટરી જનરલ શ્રી નીશીથભાઈ દંડની રાહબરી હેઠળની સંજીવની મેડિકલ કમિટીના પ્રત્યેક મેમ્બરને આ સુવાસભર્યા સત્કાર્ય બદલ હાર્દિક અભિનંદન.

CA રમેશ દેવજી ખોના
૯૮૨૧૧૭૫૧૩૬

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
• REJECTED / DELAYED CLAIMS
• POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT 9820853112**


શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
**Shree K.D.O. Students Association**
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

શ્રી કચ્છી દશા ઓસવાલ વિદ્યાર્થી સંઘ '૬૮' માં વર્ષ મા પ્રવેશ ના અનુમોદના રૂપે
**શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ પદ્માવતીદેવી મહાપૂજન**
પાવન નિશ્રા
ધ્યાન યોગી, સાધના સમ્રાટ, **પ.પૂ.ગુરુદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.**
પ્રવચન પ્રખર, યુવા હૃદય સમ્રાટ, **પ.પૂ.ગુરુદેવ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.**
વિધિકાર : **શ્રી રાજા ભાઈ નંદુ**
સંગીતકાર : **અ. સૌ. ભાવના વીરા અને સાથી કલાકારો**
શુભ દિન : **ભાદરવા સુદ, ૧૪ રવિવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૧, સવારના ૦૯.૦૦ કલાકે**
શુભ સ્થળ : **૧ માળે, જૈનમ હૉલ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ)**
**રજીસ્ટ્રેશન માટે સંપર્ક**
**ચિરાગ લોડાયા** : +૯૧ ૯૬૧૯૮ ૭૬૫૬૦ • **ક્રિશા સાયલા** :+૯૧ ૭૫૦૬૦ ૮૬૭૦૯
પ્રમુખ - **મિત સંજય મૈંશેરી** (સાંધણ ~ ડોંબીવલી)
Follow us on # SHREEKDOVS

# શ્રી ક. દ. ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ

# સ્નેહમિલન

તા. ૨૫/૨૬ સપ્ટેમ્બર

સ્થળ ચાલીસગામ

**Reunite - Reconnect - Restart**

શ્રી ક. દ. ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા તા. ૨૫ તથા ૨૬ સપ્ટેમ્બરના રોજ શ્રી મહારાષ્ટ્ર એકમના જ્ઞાતિજનો માટે સ્નેહ મિલનનું આયોજન ચાલીસગામ મુકામે કરવામાં આવ્યું છે. એકમના સર્વ ભાઈ બહેનો, યુવાનોને ભાવભર્યું આમંત્રણ. સારી સંખ્યામાં જોડાવવા નમ્ર વિનંતી.

## : પાવન નિશ્રા :

**ખાન્દેશરત્ના પ. પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ. સા. આદિ ઠાણા ૨**

**પ. પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ. સા.**

## : મુખ્ય અતિથિ :

**શ્રી હેમાંગભાઈ રાયચંદ ધરમશી** (કચ્છ - સુથરી) વરલી-મુંબઈ

## : અતિથિ વિશેષ :

**શ્રી નયનભાઈ અશોક ભેદા**
પ્રમુખશ્રી, મુંબઈ મહાજન

**શ્રી ચંદ્રેશભાઈ વિરચંદ છેડા**
પ્રમુખશ્રી, ઉત્તર ભારત એકમ

**શ્રી પુનમચંદભાઈ લક્ષ્મીચંદ ધરમશી**
પ્રમુખશ્રી, દક્ષિણ ભારત એકમ

**શ્રી કમલેશભાઈ માણેકજી દંડ**
પ્રમુખશ્રી, પશ્ચિમ ભારત એકમ

**શ્રી મહેશભાઈ ખિમજી લાલકા**
પ્રમુખશ્રી, કચ્છ એકમ

**શ્રી ઇંદ્રેશભાઈ દેવજી પોલડીયા**
પ્રમુખશ્રી, ચાલીસગામ મહાજન

## : વિનિત :

પ્રમુખ, **શ્રી મનિષભાઈ ભવાનજી લોડાયા**, ચાલીસગામ    માનદ્ મંત્રી, **શ્રી ગોવિંદજીભાઈ નેણશી સોની**, ધુલિયા

ઉપ પ્રમુખશ્રીઓ : શ્રી ભરતભાઈ નરશી દંડ, મલકાપુર • શ્રી બિપીનભાઈ રતીલાલ પોલડીયા, જાલના • શ્રી દેવાંગભાઈ ઉત્તમચંદ ખોના, સાંગલી

**તથા સર્વ કાર્યકારણી સદસ્ય - ક. દ. ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ**

---

પ્રમુખ, સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા, ઔરંગાબાદ    માનદ્ મંત્રી, સૌ. પ્રતિભાબેન ભરત દંડ, મલકાપુર

**તથા સર્વ કાર્યકારણી સદસ્ય - મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ**

---

શ્રી ગૌરવ ભરત દંડ, શ્રી સેજસ શાંતીલાલ લોડાયા, શ્રી સાગર સતિષ લાલકા, શ્રી અક્ષય અનિલ વિકમશી, શ્રી સંકેત કિરીટ લોડાયા

**તથા સર્વ કાર્યકારણી સદસ્ય - મહારાષ્ટ્ર એકમ યુવા મંચ**

**શ્રી ક. દ. ઓ. જૈન સંઘ - ચાલીસગામ**

સંપર્ક : શ્રી સુરેન્દ્રભાઈ લોડાયા - 94239 04645 / શ્રી ઇંદ્રેશભાઈ પોલડીયા - 75886 47903

॥ શ્રી સુમતિનાથાય નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે. વિરચંદ નરસી, પો. બૉ. નં. 11, મલકાપૂર-443101 (જી.બુલડાણા)
Mobile : 9689893232

**ખાન્દેશરત્ના પ. પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ. સા. આદિ ઠાણા ૨નું ચાર્તુમાસ ચાલીસગામ મુકામે છે. દર્શન - વંદનનો લાભ લેશોજી.**

# જનરલ સભાનો એજન્ડા

**મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૧ ચાલીસગામ મુકામે બપોરના ૧.૦૦ કલાકે પ્રમુખ શ્રી મનિષભાઈ ભવાનજી લોડાયાની અધ્યક્ષતામાં નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવામાં આવેલ છે. સર્વેને સમય પર હાજરી આપવા વિનંતી છે.**

## - : વિષય :-

(૧) શ્રદ્ધાંજલિ
(૨) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી.
(૩) અહેવાલ વાચન અને ઑડિટ થયેલ તારીખ ૩૧.૩.૨૦૨૧ સુધીના રીપોર્ટને મંજુરી.
(૪) ૨૦૨૧-૨૦૨૨ના અંદાજ-પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમાં લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી.
(૫) ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટે ઓડિટરની નિમણૂંક કરવી.
(૬) ચુંટણી અધિકારી દ્વારા અહેવાલ.
(૭) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થિત સભ્યોનું માર્ગદર્શક વક્તવ્ય.
(૮) પ્રમુખ સાહેબની મંજુરીથી મિટીંગ સમયે આવેલ વિષયો પર ચર્ચા વિચારણા તેમજ મંજુરી.
(૯) કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અડધા કલાક પછી મળશે.

**ટીપ :** ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે.
**નોંધ :** વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા ચાલીસગામ મુકામે જાણાવશોજી.

**સંપર્ક સુત્ર : સુરેન્દ્રભાઈ લોડાયા - ૯૪૨૩૯ ૦૪૬૪૫, ઈંદ્રેશભાઈ પોલડીયા - ૭૫૮૮૬ ૪૭૯૦૩**

---

**કાર્યક્રમ સ્થળ**
**શ્રી ગણપતી લોન્સ, કરગાવ ગણપતી રોડ, ચાલીસગામ, જી - જલગામ**

**લી.**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ**
**માનદ્ મંત્રી**
**ગોવિંદજી નેણશી સોની, (ધુલીયા)**

---

**નોંધ :** (૧) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખીતમાં માનદ્ મંત્રીશ્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ અગાઉ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી
(૨) કારોબારી સમિતિની મિટીંગ ૨૫.૯.૨૦૨૧ શનિવારના રાતના ૯ થી ૧૦ કલાકે રાખવામાં આવેલ છે.
(૩) કોવિડ - ૧૯ના સરકારી નિમયોનું પાલન કરવાનું રહેશે.

# ડો. રાધાકૃષ્ણન: ખુદને શિક્ષક કહેવડાવવાનું વધુ પસંદ કરતા હતા

**ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન આદર્શ રાજનેતા, દીર્ઘદ્રષ્ટા, રાજદ્વારી, દર્શનશાસ્ત્રી અને માનવતાવાદી એમ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. પણ સૌથી મહત્વનું એ છે કે દેશ તેમને આદર્શ શિક્ષક તરીકે યાદ કરે છે. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે, "આચાર્ય દેવો ભવઃ". એટલે કે શિક્ષક ઈશ્વર સમાન છે. શિક્ષક કરતાં મોટું સન્માન બીજું કંઈ ન હોઈ શકે અને ડો. રાધાકૃષ્ણનને આ સન્માન મળ્યું છે. તેથી જ 5 સપ્ટેમ્બરનાં રોજ તેમનાં જન્મદિવસને શિક્ષક દિવસ તરીકે મનાવવામાં આવે છે..**

રાધાકૃષ્ણન કહેતા હતા, "શિક્ષક એ નથી, જે બળજબરીથી વિદ્યાર્થીઓના મનમાં હકીકતને ઠોકી બેસાડે, સાચો શિક્ષક તો એ છે જે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરે." તેઓ આજીવન આ સિધ્ધાંત પર ચાલ્યા. આજે ભારત 34 વર્ષ પછી જાહેર કરેલી નવી શિક્ષણ નીતિ દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા પ્રતિબધ્ધ છે ત્યારે ડો. રાધાકૃષ્ણનની આ વાતો પ્રાસંગિક બની જાય છે. 1962ની વાત છે. કેટલાંક મિત્રોએ ડો. રાધાકૃષ્ણન પાસે તેમનો જન્મદિવસ ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી. ડો. રાધાકૃષ્ણને મિત્રોને કહ્યું કે, "મારાં જન્મદિવસને શિક્ષકોની યાદમાં મનાવવામાં આવે તો મને ખુશી થશે." આ રીતે, 1962થી દર વર્ષે 5 સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે મનાવવામાં આવે છે.

તામિલનાડુના તિરુતિની ગામમાં 5 સપ્ટેમ્બર 1888નાં રોજ એક બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા રાધાકૃષ્ણને ક્રિશ્ચિયન મીશનરી સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું. મદ્રાસ કોલેજમાં પાંચ વર્ષના અભ્યાસ દરમિયાન  તેઓ ભારતીય દર્શનશાસ્ત્રની સાથે સાથે પશ્ચિમી દર્શનશાસ્ત્ર પણ ભણતા રહ્યા. 1990માં 20 વર્ષની ઉંમરમાં તેમને મદ્રાસ યુનિવર્સિટીના ફિલોસોફી વિભાગમા નોકરી મળી ગઈ. 1929માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીની હેરિસ માન્ચેસ્ટર કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયા. 1931માં ભારત પાછા આવીને આંધ્ર યુનિવર્સિટીમાં કુલપતિ બન્યા. 1936માં તેઓ ઓક્સફર્ડ ભણાવવા માટે ગયા. 1926ની વાત છે. એ વર્ષે સ્વામી વિવેકાનંદને અમેરિકા અને યુરોપના પ્રવાસને 33 વર્ષ થઈ ચૂક્યા હતા. હાર્વડ યુનિવર્સિટીમાં 'ઇન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિલોસોફી'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાધાકૃષ્ણનને પણ તેમાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું. રાધાકૃષ્ણને પશ્ચિમી દેશોની ફિલોસોફી સમજાવવાનું શરૂ કર્યું. પશ્ચિમના અનેક દર્શનશાસ્ત્રીઓને એ વાતની નવાઈ લાગી કે ભારતનો કોઈ દાર્શનિક પશ્ચિમી ફિલોસોફી પર આટલી પકડ રાખી શકે. તેઓ બ્રિટિશ એકેડેમીમાં પસંદ થનારા પ્રથમ ભારતીય ફેલો બન્યા અને 1948માં યુનેસ્કોના ચેરમેન પણ બન્યા. ડો. રાધાકૃષ્ણનની પસંદગી ભારતીય બંધારણ સભાના સભ્ય તરીકે થઈ. એ સમયે ભારતને રશિયામાં એવા વિદ્વાનની જરૂર હતી જે બંને દેશોના સંબંધોને વધુ મજબૂત કરે. તેથી 1949માં તેમને સોવિયેત યુનિયનમાં ભારતના રાજદૂત બનાવીને મોકલવામાં આવ્યા. 1952માં તેમને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા. 1962માં ડો. રાજેન્દ્ર પ્રસાદ પછી ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા. રાષ્ટ્રપતિ તરીકે તેમણે પોતાના પગારમાં સ્વૈચ્છિક ઘટાડો સ્વીકાર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે સપ્તાહમાં બે વાર કોઈ પણ વ્યક્તિ તેમને પૂર્વમંજૂરી વગર મળવા આવી શકે છે. રાધાકૃષ્ણને જીવનના 40 વર્ષ શિક્ષક તરીકે ગાળ્યા હતા. શિક્ષણ જગતમાં તેમના પ્રદાનને ધ્યાનમાં રાખીને તેમને ઓર્ડર ઓફ મેરિટ, નાઈટ બેચલર, ટેમ્પ્લટન પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. અંગ્રેજ સરકારે તેમને નાઈટહૂડનો ખિતાબ પણ આપ્યો હતો. 1962માં તેમને ભારતરત્નથી નવાજવામાં આવ્યા હતા. ●



> **"**
>
> **મનનું ઘડતર કરવામાં અને રાષ્ટ્રનું નિર્માણ કરવામાં પ્રદાન કરવા બદલ આપણે શિક્ષકોનાં આભારી છીએ. શિક્ષક દિવસે આપણે આપણા શિક્ષકોને તેમની નોંધપાત્ર કામગીરી બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. આપણે ડો. એસ રાધાકૃષ્ણનની જન્મજયંતી પર શ્રધ્ધાંજલિ આપીએ છીએ.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ન્યુ ઈન્ડિયા સમાચાર મેગેઝીનમાંથી સાભાર

## શિક્ષક દિને જ્ઞાતિના સર્વે શિક્ષકોને અભિનંદન – પ્રકાશ સમીક્ષા સમીતી

**આરોગ્ય પ્રકાશ**

# મેંદો વધુ ખાય તે જરૂર માંદો થાય

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



મેંદો ઘઉંમાંથી બને છે છતાં મેંદો આરોગ્ય માટેખૂબ જ હાનીકારક છે. મેંદામાંથી પાંઉં, બ્રેડ, બન, પીઝા, પાસ્તા બર્ગર, નાન, રોટી, બિસ્કીટ, ખારી, કેક, કુકીઝ, સમોસા, નુડલ્સ, અમુક મીઠાઈઓ, ખાખરા વગેરે બનાવવામાં આવે છે, વસ્તુ બનાવવામાં સરળતા પડે અને ક્રીસ્પી થાય તે માટે મેંદો વપરાય છે. પણ ઘણીવાર જે તે પેકેટ પર મેંદાનો ઉલ્લેખ કરાતો નથી. આ બધા ખાદ્ય આજકાલના મોર્ડન જમાનામાં ઘરોઘર રોજબરોજ વપરાતી ચીજો થઈ ગઈ છે. અગાઉ ઘરમાં બનાવેલ ખાદ્ય પદાર્થોને મહત્વ અપાતું હવે થોડું આળસ-કંટાળો, પશ્ચિમનું આંધળું અનુકરણ અને સ્ત્રીઓ પણ સર્વિસ કરવા લાગી અને સ્ત્રીઓને રસોડાનો મોહ ઘટ્યો એટલે સુધી કે આજે સર્વિસ ન કરનાર સ્ત્રી પણ બહારના નાસ્તા અને બહારનું ખાવાનું જ પસંદ કરવા લાગી... અને તેના લીધે જ પાઉં, બ્રેડ, બિસ્કીટ, ખારી અને તૈયાર નાસ્તા રોજીંદા વપરાવા લાગ્યા છે જે આરોગ્ય માટે ખૂબ જ હાનીકારક છે.

ઘઉંમાં પ્રોટીન, કાર્બોદિત પદાર્થ, વિટામીન્સ ખનીજો, એન્ટી ઑક્સિડન્ટસ્ રેસા વગેરે મળે પણ ઘઉંમાંથી મેંદો બનાવવાના પ્રોસેસ વખતે રિફાઈન્ડ કરતી વખતે ઘઉંનો ઉપરનો પડ કાઢી ચમકતો કરવામાં આવે છે. ઘઉંના ઉપરના પડમાં ફાયબર (રેખા) હોય છે જે નીકળી જાય છે, પ્રોસેસ દરમ્યાન ઘઉં જેવા સત્વો તેમાં બચતા નથી, બધા જ સત્વોનો નાશ થઈ જાય છે. આ પ્રક્રિયા દરમ્યાન ઘઉંને વિવિધ પ્રોસેસીંગ લેવલમાંથી પસાર કરાય છે. એને વધુ બારીક બનાવતા બીજા પોષક તત્વો જેવા કે વીટામીન્સ, ખાસ કરીને બી કોમ્પ્લેક્સ, ખનીજોમાં આર્યન અને ફાયટોકેમીકલ્સ નાશ પામે છે. ઘઉં આછા કથ્થઈ કલરનાં હોઈ તેનો ભુક્કો પણ કથ્થાઈ પડતો સફેદ હોય છે. તેને સફેદ દૂધ જેવા રંગનું કરવા તેના પર બ્લિચીંગની રસાયણિક પ્રક્રિયા કરવામાં આવે છે. આ બ્લિચીંગની પ્રક્રિયામાં મેંદામાં કેમીકલ દાખલ થાય છે. આ કેમીકલ્સ મેંદાનો ઉપયોગ કરાતાં આપણા શરીરમાં દાખલ થઈ આરોગ્યને હાનીપ્રદ કરે છે. ઘઉંના તમામ સત્વો અને મૂળ ગુણધર્મોનો નાશ થતાં મેંદાના ગુણધર્મ બદલાઈ જાય છે. મેંદો આ બધી રિફાઈન્ડ, બ્લિચીંગ, કેમીકલ્સની પ્રક્રિયાને લીધે એસીડીક થઈ જાય છે. અને આ મેંદાની વસ્તુઓ એસીડીટી ઉત્પન્ન કરે છે, અને તેને લીધે ગેસ, પેટમાં બળતરા, પેટનો દુઃખાવો, માથોનો દુઃખાવો, ચક્કર કે ઉલ્ટી થઈ શકે. રોજબરોજ મેંદાની આઈટમ ખાનારના હાડકામાં કેલ્શીયમ ઓછું થાય છે; હાડકા છિદ્રાળુ થઈ જાય છે-છિદ્રાળુપણું વધુ થતાં ઓસ્ટીયોપોરોસીસ થાય - ફ્રેકચર થવાની શક્યતા વધે, બોન ડેનસીટી ઓછી થવાથી સાંધા જલ્દી ઘસાય સંધિવાત થાય.

મેંદામાં ચીકાશ ખૂબ જ હોય છે તેથી તેમાંથી બનાવેલ વ્યંજનો ખાધા પછી તે આંતરડામાં ચોંટી જાય છે, તેમાં ફાયબર પણ હોતું નથી તેથી મેંદાની વસ્તુઓનું પાચન પણ બરાબર થતું નથી. આ પચ્યા વગરનો આંતરડામાં ચોંટેલો મેંદો સમય જતાં કોહવાય છે, સડે છે તેનાથી શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થઈ શકે છે, તેમાં ફાયબર ન હોવાથી મેંદાની વાનગી સાથે ખાધેલ બીજી ચીજોને પણ પચવામાં ખૂબ જ વાર લાગે છે. આ રીતે ખાધેલું પચ્યું ન હોય અને અન્ય ખોરાક ખાવાય તો એ પહેલાનો પચ્યા વગરનો ખોરાક શરીરમાં ગેસ અપચો, એસીડીટી, પેટનો દુખાવો, કબજીયાત આમવાત જેવી અનેક સમસ્યાઓ આપી શકે છે.

જો રોજબરોજ મેંદામાંથી બનાવેલ વસ્તુઓ ખાઈએ તો આપણી પાચનક્રિયા ધીમી થાય છે અને પાચનક્રિયા ધીમી થવાને લીધે ક્રમશઃ શરીરનું ચયાપચય-મેટાબોલીક ધીમું થવાથી માથાનો દુઃખાવો, વજન વધવું (ઓટેસીટી) વગેરે સમસ્યા થઈ શકે. મેંદાનો ગ્લાયસેમીક ઈંડિકસ ખૂબ જ વધુ હોય છે. જે વસ્તુનું ગ્લાયસેમીક ઈન્ડેક્સ વધુ તે લોહીમાં સાકરનું લોહીમાં સાકરનું પ્રમાણ વધારે અને આ સાકરને પચાવવા પેનક્રિયાઝ ને વધુ ઈન્સ્યુલીન બનાવવું પડે આ ક્રિયા કયારેક થાય તો શરીર સહન કરી લે પણ મેંદાની વસ્તુઓ રોજબરોજ ખવાય તો ધીરે ધીરે પેનક્રિયાઝ (સ્વાદુપિંડ) પર જોર વધે છે અને ધીરે ધીરે ઈન્સ્યુલીન બનાવવાની પ્રક્રિયા ખોરવાઈ જાય છે જે છેવટે ડાયાબીટીઝમાં પરિણમે છે.

મેંદાની વસ્તુ જલ્દી પચતી નથી અને પાચન નબળું પાડે છે તેથી લોહીમાં કોલેસ્ટ્રોલ (LDL) વધે છે. આ કોલેસ્ટ્રોલ હાનીકારક છે તેને લીધે લાંબે ગાળે હાય બીપી., હૃદયરોગ થઈ શકે છે. મેંદાની વસ્તુઓ ખાનારને એમાં રહેલ કેમીકલ્સને લીધે ભૂખ લાગી છે જેવી ઈચ્છા જગાવે છે. તેથી વચ્ચે વચ્ચે ખાવાની આદત પડે છે. આ ઘડી ઘડી ખાવાની આદતથી પણ જાડાપણું આવે છે અને આ જાડાપણું આવે એટલે હાય બી. પી., ડાયાબીટીઝ, સંધિવાત, હૃદયરોગ, કીડની સમસ્યા વગેરે

અનેક બિમારીઓ ને લાવે છે. પાચનક્રિયામાં અવરોધ આવવાથી શરીરમાં અનેક રોગો થવાની શક્યતા વધે. બધા જ કારણોને લીધે મેંદાને 'સફેદ ઝેર' કહેવાય છે.

આમ ઘઉંમાંથી મળતા અનેક સત્વો મેંદામાં બિલ્કુલ મળતા નથી. બનાવટની ચીજો સ્વાદિષ્ટ હોવા સિવાય કોઈ ફાયદો નથી, ઉલ્ટું ૧૦૦% નુકસાનકારક છે. આમ અવારનવાર મેંદાની બનાવટના ખાદ્ય ખાનાર જલ્દી માંદો થાય તેથી આપણે કે આપણા બાળકોએ રોજબરોજ મેંદાની વસ્તુઓ ખાવાથી દૂર રહેવું એ આરોગ્ય જાળવવા માટે જરૂરી છે.

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**શ્રીમતી મણીબેન કાંતિલાલ શાહ (મૈશેરી) - જખૌ** (ગદગ)નું તા. ૩.૯.૨૦૨૧ના દુઃખદ નિધન થયું છે. તેઓ જીવન સંધ્યા - ગદગના મુખ્ય દાતા તથા ટ્રસ્ટી હતા. અને સ્વસ્થ હતાં ત્યાંસુધી જીવન સંધ્યાની સેવામાં પ્રવૃત રહ્યાં હતાં.

તેમના આત્માની શાંતી માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

### વર્ધમાનનગરે શ્રી નવકાર મહામંત્ર ભાષ્ય જાપ મહાઅનુષ્ઠાન

પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમપૂજ્ય મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મહારાજ સાહેબ, પૂર્વ મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબ, પૂજ્ય સાધ્વી શ્રી ચિંતનપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબ, યતિશ્રી મોતીસાગરજી મહારાજ સાહેબની શુભ પાવન નિશ્રામાં યોજાયો.

નવકાર મહામંત્ર ભાષ્ય જાપ પ્રસંગે વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત હતા. પ્રારંભે વર્ધમાનનગર ચાતુર્માસ કમિટીનાં અધ્યક્ષ શ્રી તારાચંદભાઇ છેડાએ મહેમાનોને મીઠડો આવકાર આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જયારે આભારદર્શન દિપક લાલને કરેલ. વ્યવસ્થામાં હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, અભય ધરમશી, પંકજ નાગડા, રોનીત શાહ, ફેનીલ શાહ તથા ચાતુર્માસ કમિટીનાં સર્વે સભ્યોએ સહકાર આપ્યો હતો.

### પ્રતિભાવ

પ્રકાશ સમીક્ષા અંક દિવસે દિવસે ખુબ જ ઉપયોગી અને Intresting લેખ પ્રકાશિત કરી રહેલ છે. આપણી જ્ઞાતિના Hiden Talentsના લેખ વાંચીને ખુબ આનંદ થયો. જ્ઞાતી - સંસ્થાઓના તાજા સમાચાર આપણા દેશના દુર વસેલા જ્ઞાતિજનો માટે એક સેતુબંધ છે. નિડરતા અને સ્પષ્ટ સમાચાર એટલે તો દેશની ચોથી જાગીર કહેવાય છે.

- પિનાકીન જેઠાલાલ છેડા - નલિયા (મુલંડ)

### જવાબો : કચ્છી કસબ -૧૫૫

**આડી ચાવીઓ :** (૧) આયસો (૩) ભાછા (૪) ફૂંસર (૬) સઉં (૮) રવાડે (૧૦) પાગ (૧૧) લાડી (૧૨) વા (૧૩) પોગો (૧૪) ડુરી (૧૫) નોં (૧૬) સોણાય (૧૭) શીશી (૧૯) પાંજો (૨૦) ન છોટકે (૨૪) ભોંક (૨૫) રત (૨૬) કોતાડીયો (૨૯) સૂઈ (૩૦) ભાટાઈ (૩૩) કોસો (૩૪) મેડી

**ઉભી ચાવીઓ :** (૧) આજાર (૨) સોપલાડી (૩) ભાવર (૪) ફૂંસ (૫) સઉં (૭) જોગ (૯) વાય (૧૦) પાયણા (૧૧) લાગો (૧૩) પોતારો (૧૪) ડુશી (૧૬) સોંજો (૧૭) શીર (૧૮) પાછો (૧૯) પંકે (૨૦) નક (૨૧) ટપ (૨૨) છેરઈ (૨૩) પેંતા (૨૪) ભોંયો (૨૬) કોયડ (૨૭) ડીયેંજો (૨૮) ડોભાસો (૩૧) ઈનું (૩૨) સીડી


## જોઈએ છે

## સંપાદક - તંત્રી

## સમાજ સેવા પર

## "જ્યોત સે જ્યોત જલે"

## અને

## "સેવાની સુવાસ"

## માટે

## સંપર્ક

**માનવ જ્યોત - 98200 39469**

manavjyot@gmail.com


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). શિક્ષણ એ ત્રીજી આંખ છે.**

# શબ્દ કોયડો

## કચ્છી કસબ - ૧૫૬

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ■ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | | ■ | | ■ |
| ૮ | | ■ | | ■ | | ■ | | ■ | ૯ | |
| | ■ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ |
| ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | ■ | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | | ■ | | ■ | ૨૪ |
| | ■ | ■ | ૨૫ | ■ | ■ | ■ | ૨૬ | ■ | ૨૭ | |
| | ■ | ૨૮ | | ■ | ૨૯ | ■ | ૩૦ | ૩૧ | | ■ |
| ■ | ૩૨ | | | ■ | | ■ | ૩૩ | | ■ | ૩૪ |
| ૩૫ | | | ■ | ■ | ૩૬ | | | ■ | ૩૭ | |

**આડી ચાવીઓ :**

૧) અહીં (Here) (૨)
૨) એમજ (Just) (૩)
૪) ચોવિહાર (Eat before sunset) (૪)
૬) કુવો (Well) (૨)
૭) નવો નવો શિખાઉ (New Learner) (૩)
૮) નાકના ગુંગા (Nesal Dirt) (૨)
૯) ઘેટું (Sheep) (૨)
૧૦) આપો (give) (૧)
૧૧) પક્ષ (Favor) (૨)
૧૨) પુરૂષની મુંઝવણ (Male Having Uneasiness) (૩)
૧૩) ગાલ (Cheek) (૨)
૧૪) રસ્તો (way) (૨)
૧૫) બી (Seed) (૨)
૧૮) યંત્ર (Machine)(૨)
૨૦) ઈંડાઓ (eggs)(૨)
૨૨) એક સાથે (All together) (૩)
૨૩) પ્રગટાવવું (to make fire) (૩)
૨૭) મુઠી (fist) (૨)
૨૮) ઝગડવું (to quarrel) (૨)
૩૦) સફેદવાનવાળો પુરૂષ (white Col. skin man)(૩)
૩૨) સળગે છે (Burning)(૩)
૩૩) આવક (Income) (૨)
૩૫) જીદ્દી (Stubborn) (૩)
૩૬) હિંઢોણી (Things put on head to carry vessel)(૩)
૩૭) હજી (still) (૨)

**ઉભી ચાવીઓ :**

૧) અવાર નવાર (now and then) (૫)
૨) એમ કે (as such) (૩)
૩) આખી જીંદગી (whole life)(૪)
૪) કટોકટીના સમયે (at the time of emergency) (૬)
૫) ધ્રુજે છે (shivering) (૪)
૧૧) ભોંય સરખું (on ground floor) (૪)
૧૬) ત્રણ (three)(૧)
૧૭) કર્યું (done) (૨)
૧૯) સાફ સુથરું (clean)(૨)
૨૧) નથી (not having) (૨)
૨૨) અત્યાર સુધી (till now)(૩)
૨૪) વાંસો (back) (૨)
૨૫) પુરૂષનું ઝગડવું (quarreling of male) (૩)
૨૬) કદરૂપી સ્ત્રી (ugly looking lady)(૪)
૨૭) સમારવું (to cut)(૨)
૨૮) બળેલું (Buring thing)(૩)
૨૯) એકલવાયી સ્ત્રી (reserved Lady)(૩)
૩૧) લાકડાનું લાંબુ મેજ (long wooden table) (૨)
૩૨) બાધા (motto have certain things)(૨)
૩૪) જાઉં (can i go)(૨)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કું.**

**જીતો ઈનામો...** ઉપરોક્ત શબ્દ કોયડાના ઉત્તરો ચોકઠામાં ભરીને આ અંક પ્રકાશિત થયાના ૨૦ દિવસ સુધીમાં શ્રી જયકાંતભાઈ મોતાને પોતાના નામ - ગામ સાથે (મો.: ૯૮૧૯૬૨૮૩૮૨) વોટ્સઅપ ઉપર મોકલી આપવા. બધાજ સાચા જવાબ આપનારા વાચકોમાંથી ત્રણ વ્યક્તિઓને કુ. ચૌલા ઉમરશી કુરૂવા (અમદાવાદ) તરફથી લોટરી સિસ્ટમ દ્વારા ઈનામો આપવામાં આવશે.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી નરેશભાઈ જયચંદ નાગડાનું સન્માન

ભારતીય જનતા પક્ષે નિર્ણય લીધો છે કે જનાશીર્વાદ યાત્રામાં નિષ્ઠાવંત કાર્યકર્તાઓનુ કેંદ્ર તથા રાજ્ય મંત્રીઓએ સન્માન કરવુ. નિર્ણયના અનુરૂપ કેંદ્રના મંત્રી શ્રી ભગવંત ખુબા, કર્ણાટક રાજ્યના મંત્રી શ્રી હાલપા આચાર, કોપલ ક્ષેત્રના MP શ્રી કરડી સંગન્ના, ગંગાવતીના MLA ૧૯-૮-૨૦૨૧ માતુશ્રી વેજબાઇ જયચંદ નાગડાના સુપુત્ર શ્રી નરેશભાઈ જયચંદ નાગડાના ઘરે પધારી આદર પુર્વક સન્માન કરેલ.

### સખી વૃંદ પુણે

૩૧ જુલાઈના ભાવનાબેન ખુશાલ મહેશ્વરી દ્વારા KYSના વિષય પર મિટીંગ યોજાઇ હતી. KNOW YOUR SVMM(KYS) દ્વારા સખીવૃંદની ૫૦ થી વધુ ઉંમરની સખીઓ વિશે ઊંડાણપૂર્વક ઓળખવા તથા દર્શાવવા માટે ૫૦થી નીચેની સખીઓએ રેપ્લિકા બની આબેહૂબ રીયલ જેવો જ અભિનય કર્યો હતો. ભાવનાબેને રેપ્લિકાઓના પહેરવેશ, દેખાવ અને બોલવાની છટાનું સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું સાથે સાથે દરેક સભ્યોના આંતરિક વ્યક્તિત્વ જેવા કે ખુશમિજાજ, હકારાત્મકતા, સંતોષી, જોશીલા, શાંતિપ્રિય વગેરેથી પણ અવગત કરાવ્યું હતું. તેમણે સ્વલિખિત સ્ક્રીપ્ટ રાઈટીંગ તથા રેપ્લિકાઓનું સંશોધન ખુબજ ચીવટપૂર્વક કર્યુ હતું. ભાવનાબેને સાઉન્ડ સિસ્ટમ સાથે પોતાની આગવી છટામાં દરેક રેપ્લિકાઓના વિડીયો મનોરંજક રીતે સખીઓ સમક્ષ પ્રસ્તુત કર્યા હતા. દરેક વીડિયોના અંતમાં ભાવનાબેને હર એક સખીના અભિનયની સરાહના કરી હતી.

આ વર્ષ દરમિયાન પ્રોફેશનલ મીટીંગ એનર્જી સેન્ટરનું આયોજન કરવામાં આવ્યું છે જેનો પ્રથમ એપિસોડ''પોસ્ચર''તારીખ ૧૪ જુલાઈના ઓનલાઇન યોજાયો હતો. જેમાં નિશાબેન સૈયાંએ એનાટોમી, ફિઝિયોલોજી તથા palvic રોટેશનની વિસ્તૃત જાણકારી આપી અને બેસવા, ઉભા રહેવા, સૂવા માટેની પોઝિશન કેવી હોવી જોઈએ એ દર્શાવ્યું. ચાંદની લોડાયાએ ભાવનાબેન અને નિશાબેનનો આભાર માન્યો.

### મહિલા હિતવર્ધક મંડળ હુબલી

મહિલા હિતવર્ધક મંડળ હુબલી અને રોટરી કલબ ઑફ વિદ્યાનગર બંન્નેએ મળીને તા. ૧૫.૮.૨૧ ના કેન્સર Cencer Screening કેમ્પનું આયોજન કરેલ. મહિલાઓના કોલન કેન્સરનુ Screening કરવામાં આવ્યું. સાથે Bone Density ચેકઅપ કરવામાં આવ્યું. પાંચ સ્પેશિયાલિસ્ટ ડૉકટરર્સ જેમાં ડૉ. રૂદ્રેશ અને એમની ટીમ એ આ કેમ્પમાં નિઃશુલ્ક સેવા આપી. કેમ્પની શરૂઆતમાં કેન્સર અવેરનેસ લેકચરથી સમજાવ્યું. સાથે આ કેમ્પમાં શું શું ટેસ્ટ થશે અને એનું મહત્વ ડૉકટરોએ સમજાવ્યું.

ડૉ. મહિમા મોહિત દંડ પ્રેસિડંટ ઓફ રોટરી કલબ ઓફ વિદ્યાનગર હુબલી એ બધાને આવકાર આપી પ્રોત્સાહિત કર્યા. શ્રીમતી હંસા ભરત ધરમશી પ્રેસિડંટ ઑફ મહિલા હિતવર્ધક મંડળ હુબલી એ બધા ડૉકટર્સને મોમેંટો આપી મંડળ તરફથી આભાર વ્યક્ત કર્યો. ડૉ. મધુ લોડાયા સેક્રેટરી ઑફ મહિલા હિતવર્ધક મંડળએ મેમ્બરોને આશ્વાસન આપ્યું કે રીઝલ્ટ બરાબર હશે લેબોરેટરીમાં ચેક થશે હિતવર્ધક મંડળની કમીટી મેમ્બર તેમજ સહાયક કમીટીએ ઘણી જ જહેમત ઉઠાવી Easrly detection in Cancer is half battle won in fight against cancer નું મહત્વ સમજાવ્યું

આ કેમ્પમાં રજીસ્ટ્રેશન પંપ સ્મિઅર, સ્ટૂલ પરિક્ષા, બોલ ડેન્સીટી બધુ જ રોટરી કલબ તરફથી ફ્રીમાં કરવામાં આવ્યું હતું. બધાને કલ્શીયમની ગોળી ફ્રીમાં આપવામાં આવી હતી. ૩૦ મહિલાઓએ આ કેમ્પમાં ભાગ લીધો.

જે મહિલાઓને મેમોગ્રાફી માટે લેટર આપ્યું હતું. તેમને ૩૦% ડિસ્કાઉન્ટ ડૉ. નરેન્દ્ર શાહ NMR Centre માં આયોજન કરી આપ્યું.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

## વતનના વર્તમાન
**સંકલન : કેસરસિંહ ખોના**

### જખૌ મનરેગા હેઠળ રૂા. ૨૨ લાખના કામ

જખૌમાં મનરેગા યોજના હેઠળ રૂા. ૨૨ લાખનું કુલ મૂલ્ય ધરાવતા વિવિધ રોજગારલક્ષી કામ મંજૂર થયેલા છે જેમાં ૧૮૭ શ્રમિકોને કામ મળી શકે છે. જો કે હજુ સુધી આ કામ શરૂ થયા નથી.

### ધોળાવીરાની હસ્તકળા

આંતરાષ્ટ્રિય હેરિટેજમાં શામેલ થયા બાદ ખડીર - ધોળાવીરના મુલાકાતે આવેલ જીલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારાએ પરંપરા મુજબ વિવિધ જવાનોને રાખી બાંધ્યા બાદ સ્થાનિક કસબી બહેનો સાથે મીટિંગ યોજી હતી. જેમાં મુખ્યત્વે હસ્તકળા આઈટમોના માર્કેટિંગ તેમજ વિકાસના મુદા પર વાત થઈ હતી.

ધોળાવીરા-ખડીર વિસ્તારમાં મુખ્યત્વે ભરતકામ, પંચવર્ક, ચર્મકસબ (ચામડાની વસ્તુઓ) ની કળા કારીગરી બેનમૂન મનાય છે. બેન્ક અને કસબી બહેનો માટે સખી મંડળો સ્થાપવા માટે સહયોગ આપવાની પંચાયત પ્રમુખશ્રીએ હૈયાધારણ આપી હતી.

### અવર્ણનીય સૌંદર્ય પિંગળેશ્વર ધામનું

રાપર ગઢવારી નજીક આવેલા પિંગળેશ્વર ધામનું સૌંદર્ય વર્ણનાતીત છે. ત્યાંનો બીચ ખૂબ જ શુભ્ર, શાંત અને રળિયામણો છે. પ્રદુષણ મુક્ત બીચની રેતી દેશના અનેક જાણીતા બીચની રેતી સામે સો ગણી શુભ્ર છે.

ગુજરાતના ચોરવાડ બીચની સમકક્ષ કિંવા વધુ સારો પિંગલેશ્વર બીચ બહુ લાંબો છે. રેતી અનને શિલાઓના સંયોજનની અનોખી ભાત ઉપસાવે છે.

